# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **સતર્કતા આપણી સહિયારી જવાબદારી”ના સૂત્ર સાથે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસ ઉજવાયો**
2. **આજે કેબિનેટ બેઠકમાં ટેકાના ભાવે ખરીદી સહિતના મુદ્દાઓ પર ચર્ચા થશે.**
3. **ખાસ મતદાર સુધારણા ઝુંબેશ અંતર્ગત 133 વિધાનસભા મતવિસ્તારમાં ફોર્મ ચકાસણીની 100 ટકા કામગીરી સંપન્ન.**
4. **અમદાવાદમાં ટેક્ષટાઇલ ઉદ્યોગકારને ત્યાં આવકવેરા વિભાગના સાગમટે દરોડા.**
5. **કટકમાં રમાયેલી દક્ષિણ આફ્રિકા સામેની ટી- 20 ક્રિકેટ મેચમાં ભારતનો 101 રને શાનદાર વિજય.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# INTERNATIONAL ANTI CORRUPTION PROGRAM

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં અધ્યક્ષસ્થાને અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં "સતર્કતા આપણી સહિયારી જવાબદારી"ના સૂત્ર સાથે આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે એ.સી.બી.માં ઉત્તમ કામગીરી કરનારા પોલીસ કર્મીઓ- અધિકારીઓનું અને ભ્રષ્ટાચારીઓ સામે ફરિયાદ કરી તેમને પકડાવનારા નાગરિકોનું સન્માન કરાયું હતું. ભ્રષ્ટાચાર સામે સામાજિક જાગૃતિ અભિયાનમાં વકતૃત્વ સ્પર્ધા - નિબંધ સ્પર્ધાના 12 વિજેતાને પ્રમાણપત્રો પણ એનાયત કરાયા હતા.

આ પ્રસંગે બોલતાં મુખ્યમંત્રીએ કહ્યું કે, જે કાર્ય કરીએ, ફરજ બજાવીએ તેનાથી આત્મસંતોષ થાય તે જ સાચી ફરજ નિષ્ઠા છે. લાંચ-રૂશ્વત વિરોધી બ્યુરો એ.સી.બી.ની છાપ જ એવી હોય કે ખોટું કરનારાને સતત ભય રહે કે ખોટું થાય જ નહીં. જેના પરિણામે ભ્રષ્ટાચાર અટકશે અને રાજ્યની વિકાસયાત્રાને નવી ગતિ મળશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ એસીબીની ટીમને અભિનંદન પાઠવતા કહ્યું કે, રાજ્યની એન્ટી કરપ્શન બ્યુરોની ટીમે કોઈ પણ પ્રકારના ક્લાસ , કેડર કે અધિકારી લેવલ જોયા વિના તમામ ભ્રષ્ટાચારીઓને પકડીને ખંતપૂર્વક કડક કાર્યવાહી કરી છે.

---

# GUJ CABINET

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે સવાર દસ વાગે  કેબિનેટની બેઠક મળશે. ટેકાના ભાવે ચાલી રહેલી મગફળી સહિત જણશની ખરીદી, રાજ્યમાં ખાતરની અછત તથા રાહત પેકેજ મામલે થયેલી અરજીઓની સમીક્ષા કરાશે.

જ્યારે અમદાવાદમાં  સુભાષબ્રિજમાં પડેલી તિ રાડો બાદ મહાનગરપાલિકા દ્વારા થયેલી કામગીરી પર શહેરી વિકાસ વિભાગ પ્રાથમીક વિગતો રજૂ કરશે. આગામી વાઈબ્રન્ટ રિજનલ સમિટને લઈ ચર્ચા થશે.

આ ઉપરાંત  આગામી કાંકરીયા કાર્નિવલ, કાઇટ ફેસ્ટિવલ સહિતના કાર્યક્રમો પર પણ  ચર્ચા  કરાશે. આ ઉપરાંત  રાજ્ય સરકારના આગામી આયોજનો અને નીતિગત વિષયો ઉપર પણ વિચારણા કરાશે.

---

# SIR

રાજ્યમાં ખાસ મતદાર સુધારણા  ઝુંબેશના ગણતરીના તબક્કામાં **5.08** કરોડ મતદારોની ચકાસણી પૂર્ણતાના આરે છે. જેમાં **17** જિલ્લાઓમાં **100** ટકા કામગીરી થઇ ગઇ છે.  જ્યારે **133** વિધાનસભા મતવિસ્તારમાં ચકાસણીની **100** ટકા કામગીરી સંપન્ન થઇ ગઇ છે. ગેરહાજર-સ્થળાંતરિત અને મૃતક મતદારોની યાદી **CEO** તથા જિલ્લાસ્તરે વેબસાઈટ પર મુકાઈ ગઇ છે.

**SIR**ની જાહેરાત બાદથી જ રાજ્યભરમાં **5.08** કરોડ મતદારોને ગણતરી ફોર્મના વિતરણથી માંડી તેના ડિજીટાઈઝેશનની કામગીરી મિશન મોડ પર કરવામાં આવી રહી છે જે હવે પૂર્ણતના આરે છે. ગણતરીના તબક્કામાં રાજ્યના **17** જિલ્લાઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન દર્શાવી **100** ટકા કામગીરી પૂર્ણ કરી છે.

જિલ્લાવાર કામગીરીમાં અમદાવાદ જિલ્લામાં 99.93 મતદારોના ડિજિટાઇઝેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુજીત કુમારના જણાવ્યા અનુસાર અમદાવાદ જિલ્લાની કુલ 21 વિધાનસભા મતવિભાગના તમામ બૂથ દીઠ BLA-BLOની મિટિંગ યોજીને માર્ગદર્શન અપાયું હતું.

## (બાઇટ - કલેક્ટર સુજીત કુમાર)

પંચમહાલ જિલ્લામાં પણ SIR અંતર્ગત 99.98 ટકા ડિજિટાઈઝેશનનું કામ પૂર્ણ કરાયું છે. જેમાં 50 હજારથી વધુ મતદારોનાં મૃત્યુ, 12 હજારથી વધુ મતદારો ગેરહાજર અને 53 હજારથી વધુ મતદારો સ્થળાંતર થયા હોવાનું નોંધાયું હતું.

---

## WEATHER

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ.એ.કે. દાસના જણાવ્યા અનુસાર, આગામી 7 દિવસ વાતાવરણ અને તાપમાન યથાવત રહેશે. રાજ્યમાં ઉત્તર પૂર્વથી પૂર્વના પવન ફૂંકાશે.

સૌરાષ્ટ્ર કચ્છમાં લઘુતમ તાપમાન સામાન્ય નોંધાયું હતું. જ્યારે નલિયાનું સૌથી ઓછું લઘુતમ તાપમાન 10 ડિગ્રી નોંધાયું હતું.

## (બાઈટ ડૉ.એ.કે.દાસ)

---

# IT RAID

શહેરમાં ગઇકાલે આવકવેરા વિભાગે વિશાળ સ્તરે સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. શહેરની જાણીતી વિનોદ ટેક્સટાઇલ તથા તેના પ્રોમોટર અને સંબંધિત જગ્યાઓ પર આઈટીની ટીમોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

એક સાથે અનેક સ્થળોએ દરોડા પાડ્યા. કુલ 19 જગ્યાઓ પર એકસાથે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.આ સર્ચ ઓપરેશનમાં 150થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતાં.

---

# PM SHREE VIDHYALAY CRPF GANDHINGAR SEMINAR

પીએમ શ્રી કેન્દ્રીય વિદ્યાલય સીઆરપીએફ ગાંધીનગર દ્વારા ૫૩મા રાજ્ય-સ્તરીય બાળ વિજ્ઞાન પ્રદર્શન અને પ્લાસ્ટિક પ્રદૂષણ પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ કચરો વ્યવસ્થાપન, હરિયાળી ઉર્જા, ટકાઉ કૃષિ, ઉભરતી ટેકનોલોજીઓ, આરોગ્ય અને સ્વચ્છતા, ગાણિતિક મોડેલિંગ અને જળ સંરક્ષણ જેવા મુખ્ય વિષયો પર નવીન મોડેલો રજૂ કર્યા.

વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને વૈજ્ઞાનિક વિચારસરણીની પ્રશંસા કરી અને તેમને ભવિષ્યના સંશોધકો બનવા માટે પ્રોત્સાહિત કરાયા હતા.. વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વલણ, નવીનતા, પર્યાવરણીય જાગૃતિ અને સંશોધન કૌશલ્ય વિકસાવવામાં અત્યંત મદદરૂપ થાય છે.

તેમ અમદાવાદના કેન્દ્રીય વિદ્યાલય સંગઠનના ડેપ્યુટી કમિશનર ધર્મેન્દ્ર પાટલેએ જણાવ્યું હતું.

**બાઈટ - ધર્મેન્દ્ર પાટલે, ડેપ્યુટી કમિશનર,**

---

## PREZ-HANDICRAFTS AWARDS GUJARAT AWARDEE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં વર્ષ **2023** અને **2024** માટે રાષ્ટ્રીય હસ્તકલા પુરસ્કારો એનાયત કર્યા. ગુજરાતનાં ત્રણ સહિત **48** કલાકારોને આ પુરસ્કાર એનાયત કરાયા. કચ્છી બાંધણીના કલાકાર ગુલામહુસેન ઉમર ખત્રીને વર્ષ **2023** માટેના શિલ્પ ગુરુ શ્રેણીમાં પુરસ્કાર અપાયો.

વર્ષ **2023**ના રાષ્ટ્રીય પુરસ્કારની શ્રેણીમાં રાજ્યના રોશન છીપા અને વર્ષ **2024**ના રાષ્ટ્રીય પુરસ્કારની શ્રેણીમાં સુમિત ચિતારાને સન્માનિત કરાયા છે. પુરસ્કાર પ્રાપ્ત કરતાં પહેલા સુમિત ચિતારાએ પ્રતિક્રિયા આપી.

**બાઇટ : સુમિત ચિતારા, કલાકાર**

આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પુરસ્કારો અસાધારણ કલાત્મક નિપુણતા અને ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર હસ્તકલા વારસાને જાળવવા તેમજ પ્રોત્સાહન આપવા માટે સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે.

---

## VAGARA FIRE

વાગરા તાલુકાની સાયખા **GIDC**માં આવેલી અલકેમી ફાઇનકેમ કંપનીમાં ગઇકાલે ગંભીર અકસ્માત સર્જાતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ ફેલાયો

હતો. કંપનીમાં અચાનક બોઈલર ફાટતા આજુબાજુના વિસ્તારમાં ભયનું વાતાવરણ સર્જાયું હતું. નજીકમાં કામ કરતા કર્મચારીઓને કેમિકલ લાગવાથી તેમની હાલત ગંભીર બની હતી.

પ્રાથમિક માહિતી મુજબ આ બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે આસપાસના વિસ્તારોમાં પણ તેનો ધ્રુજારી અનુભવાઈ હતી. બોઈલર ફાટતાની સાથે જ ઘટના સ્થળે હાજર કર્મીઓ ગંભીર રીતે ઇજાગ્રસ્ત ગયા હતા. ઘટનામાં 2 જેટલા લોકોની હાલત ગંભીર હતી.

ઈજાગ્રસ્ત કર્મચારીઓને તાત્કાલિક સારવાર અર્થે ભરૂચની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

---

## CRICKET

ભારતે પાંચ મેચની T20 શ્રેણીની પહેલી મેચમાં દક્ષિણ આફ્રિકાને 101 રનથી હરાવ્યું. ઓડિશાના કટકમાં રમાયેલી મેચમાં ભારતે પ્રથમ બેટિંગ કરીને 175 રન બનાવ્યા હતા. 176 રનના લક્ષ્યાંકના જવાબમાં , દક્ષિણ આફ્રિકાની ટીમ માત્ર 74 રનમાં ઓલઆઉટ થઈ હતી.

અર્શદીપ સિંહ, જસપ્રીત બુમરાહ, વરુણ ચક્રવર્તી અને અક્ષર પટેલે બે-બે વિકેટ ઝડપી હતી. હાર્દિક પંડ્યાએ માત્ર 28 બોલમાં 59 રનની ઇનિંગ રમી હતી. હાર્દિક પંડ્યાને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

T20 શ્રેણીની બીજી મેચ ગુરુવારે સાંજે 7 વાગ્યે ચંદીગઢમાં રમાશે.

---

# DAK ADALAT

અમદાવાદમાં 23મી ડિસેમ્બરે ડાક અદાલત યોજાશે. પોસ્ટને લગતી ફરિયાદો અને સમસ્યાઓની ગ્રાહકો આ દિવસે રજૂઆત કરીને ઉકેલ મેળવી શકશે.

અમદાવાદ જીપીઓ સ્થિત સિનિયર પોસ્ટમાસ્ટરની ઓફિસ ખાતે આ ડાક અદાલત સવારે 11 વાગે યોજાશે.

---